# ગાંધીનગરના કોન્ટ્રાકટરો અચોકક્સ મુદત સુધી હડતાલ પર

## જી.એસ.ટી. અને રોયલ્ટીના ભારણ સામે સરકાર રાહત આપે તેવી પ્રબળ માંગ

ગાંધીનગર તા ૧૭

જી એસ ટી ના અમલના લીધે ગાંધીનગર કોન્ટ્રાક્ટર એસોસિએશનમાં ઉગ્ર વિરોધ ભભુક્યો છે. પડતર પ્રશ્નોની પ્રબળ માંગ સાથે કોન્ટ્રાકટર એસોસિએશન દ્વારા અગાઉ પણ આ મામલે જિલ્લા કલેકટરને આવેદનપત્ર એનાયત કરવામાં આવ્યુ હતુ. જયારે છેલ્લા બે દિવસથી કોન્ટ્રાકટરો દ્વારા સરકારી કામો પણ બંધ કરી દેવાયા છે. જી એસ ટી અને રોયલ્ટીના ભારણ ના લીધે કોન્ટ્રાકટરોની હાલત દયનીય બની હોવાનો આક્રોશ વ્યક્ત કરવામાં આવ્યો છે. ત્યારે આજે મળેલી કોન્ટ્રાકટર એસોસિએશનની બેઠક દરમિયાન અચોક્કસ મુદત સુધી કામો બંધ રાખવનો નિર્ણય લેવાયો છે.

ગાંધીનગર કોન્ટ્રાકર એસોસિએશન દ્વારા જી એસ ટી તેમજ રોયલ્ટીના વધુ પડતા ભારણમાં સરકાર કક્ષાએથી વ્યાજબી રાહત આપવામાં આવે તેવી બુલંદ માંગ




કરવામાં આવી છે. અગાઉ પણ કોન્ટ્રાકટર એસોસિએશન દ્વારા જિલ્લા કલેકટરને આવેદન પત્ર આપી રજુઆત કરવામાં આવી હતી. જયારે આ તબક્કે કોન્ટ્રાકટરો દ્વારા સરકારી કામો બંધ રાખવાનો પણ નિર્ણય લેવાયો હતો. જેના લીધે છેલ્લા બે દિવસથી કામો પણ બંધ હોવાનુ કોન્ટ્રાકરોએ જણાંવ્યુ છે. આજે પણ આ મામલે કોન્ટ્રાકટર એસોસિએશનની બેઠક મળી હતી. જેમાં સિવિલ તેમજ ઈલેક્ટ્રીક કામના અંદાજિત ૭૦ જેટલા કોન્ટ્રાકટરો હાજર રહયા હતા. આ દરમિયાન જી એસ ટી તેમજ રોયલ્ટીના વધુ પડતા ભારણમાં સરકાર જયાં સુધી રહાત ન આપે ત્યાં સુધી કામો બંધ રાખવા નિર્ણય કરવામાં આવ્યો હતો.

ગાંધીનગર કોન્ટ્રાકટર એસોસિએશન દ્વારા આ બેઠક દરમિયાન અચોક્કસ મુદત સુધી કામ બંધ રાખવાનો નિર્ણય કરવામાં આવ્યો હતો. વધુમાં આ મામલે આગામી દિવસોમાં ઉચ્ચ કક્ષાએ રજુઆત કરવાનો પણ નિર્ણય લેવાયો હતો. જયારે કોન્ટ્રાકટરો આ મામલે ઉગ્ર લડત તેમજ જલદ કાર્યક્રમો પણ આપશે. અને જરૂર પડે સત્યાગ્રહની રાહે લડત આપશે તેવી પણ ચિમકી ઉચ્ચારવામાં આવી છે.

## જેસીઆઈ દ્વારા બિઝનેસ બુસ્ટર ધ મની મલ્ટી પ્લાયર ટ્રેનિંગ યોજાઈ

શહેરમાં સૌ પ્રથમવાર જેસીઆઈ ગાંધીનગર દ્વારા ઝોન-૭ની બિઝનેસમેન માટે ઉપયોગી પરાગી ગાંધી તથા ઝોન ઉપપ્રમુખ સુનિલ ગંગવાની દ્વારા ઉદ્‌ઘાટન કરવામાં આવ્યું હતું. જેમાં પૂર્વ પ્રમુખ ઈન્ટરનેશનલ ટ્રેનિંગ ફેલો જેસી સી.એ. પ્રિતમ ગોસ્વામી તથા પ્રાઈમ ટ્રેનર જેસી હિરેન આચાર્યે વિવિધ



'બિઝનેસ બુસ્ટર-ધ મની મલ્ટીપ્લાયર દ્વિદિવસીય ટ્રેનિંગનું હોટલ પ્રોમીનન્ટમાં આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં ઝોન-૭ના ઝોન પ્રમુખ ડૉ. ભુવન રાવલ, ચેરપર્સન અમીષી ગાંધી, મુખ્ય મહેમાન કૃષ્ણકાન્ત જહા, પ્રમુખ ડૉ. જસવંત ગાંધી, ડૉ. હસમુખ નાયક, નિમેષ રાવલ, કુસુમ ગાંધી, કેતન ભાવસાર, મમતા રાવલ, ઝોનના સભ્યો, જેસીઆઈ ગાંધીનગરના સભ્યો ઉપસ્થિત રહ્યા હતા. આ ટ્રેનિંગમાં જુદા જુદા શહેરમાંથી ભાગ લેનાર ૨૦ સભ્યોને જેસીઆઈના ગ્રુપ એક્ટીવીટી, ઉદાહરણો સાથે પોતાના બિઝનેસને આગળ ધપાવવા અને તેમાં સફળતા મેળવવા રસપ્રદ જ્ઞાન પીરસ્યું હતું. ઉપરાંત જેસી સોનાલી મોદી અને જેસી રાકેશ જૈનને બેસ્ટ પાર્ટીસીપેશન એવોર્ડથી સન્માનિત કરવામાં આવ્યા હતા.

## આદરજ ગામે ખેતરની ઓરડી પાસે જુગાર રમતા ૯ શકુની ઝડપાયા

**મોબાઈલ નંગ-૭ કિ.રૂ.૧૩, વાહન-૨ કિ.રૂ.૪.૫૧.૦૦૦ તેમજ રોકડ રૂ.૨૩,૨૭૦ મળી કુલ રૂ.૪,૮૭,૨૭૦ મુદામાલ કબ્જે**

ગાંધીનગર પાસે આવેલા આદરજ ગામની સીમમાં પરબતજી તલાજી ઠાકોરના ખેતરમાં આવેલ ઓરડીની આગળ ખુલ્લી જગ્યામાં તીનપત્તી પાના-પત્તાનો હારજીતનો જુગાર રમતા ૯ શકુનીઓને પેથાપુર પોલીસે ઝડપી પાડ્યા છે. પોલીસે જુગાર રમવાના સાહિત્ય સાથે મોબાઈલ તેમજ કાર સહિત કુલ રૂ.૪,૮૭,૨૭૦ નો મુદામાલ કબ્જે કરી આગળની કાર્યવાહી હાથ ધરી છે. ગાંધીનગર નજીક આવેલ આદરજ ગામમાં રહેતા પરબતજી તલાજી ઠાકોરના ખેતરમાં આવેલ ઓરડી પાસે ખુલ્લી જગ્યામાં કેટલાક શકુનીઓ પાના-પત્તા પર તીનપત્તીનો હારજીતનો જુગાર રમી રહયા છે. તેવી બાતમી પેથાપુર પોલીસને મળતા પોલીસે બાતમીવાળી જગ્યા પર રેઈડ પાડીને મનુજી જવાનજી ઠાકોર પુન્દ્રાસણ, મુકેશજી ગલાબજી ઠાકોર નેધરાડ, કમલેશ નવઘણ ડાભી નેધરાડ, મેલાજી જવાનજી ઠાકોર પીયજ, બળદેવજી મંગાજી ડાભી રહે. મેધરાડ તા-સાણંદ, બાદર નટવર સોલંકી કલોલ પૂર્વ, ચેતન નાલુભાઈ ગઢવી કલોલ પ્રશ્ચિમ, રમણજી શકરાજી ઠાકોર રહે. વાસજડા તા.કલોલ પરબતજી શનાજી ઠાકોર રહે. મોટીઆદરજને ઝડપી પાડ્યા હતા. પોલીસને દાવ પરથી રૂ. ૨૧૦૦, તમામની અંગ ઝડતી દરમિયાન ૨૧,૧૭૦ મળી કુલ રૂ. ૨૩૨૭૦ તેમજ મોબાઈલ નંગ-૭ કિ.રૂ.૧૩૦૦૦, વાહન નંગ-૨ કિ.રૂ. ૪,૫૧૦૦૦ મળીને કુલ રૂ.૪,૮૭,૨૭૦નો મુદામાલ તેમજ જુગાર રમવાનું સાહિત્ય કબ્જે કરીને પેથાપુર પોલીસ મથકના વી.વી.દેસાઈએ કાર્યવાહી હાથ ધરી છે.



**માઉન્ટ કાર્મેલ શાળાના ભૂતપૂર્વ વિદ્યાથીઓ દ્વારા સ્પાર્ક-૨૦૧૭નો શુભારંભ**

માઉન્ટકાર્મેલ શાળાના ભૂતપૂર્વ વિદ્યાર્થી સંગઠન દ્વારા આજરોજ સ્પાર્ક-૨૦૧૭નો શુભારંભ થયો હતો. ત્રણ દિવસીય ઈન્ટર સ્કૂલ વિવિધ હરિફાઈમાં ક્વિઝનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં ગાંધીનગર શહેરની ૧૦ શાળાઓએ ભાગ લીધો હતો. આજના ઉદ્‌ઘાટન સમારોહમાં મુખ્ય અતિથિ વી.એસ. ગઢવી (આઈએએસ)એ પ્રારંભ કરાવ્યો હતો. તેમણે પૂર્વ વિદ્યાર્થીઓના આ અભિગમને બિરદાવી અને બાળકોમાં વધુ જિજ્ઞાસાવૃત્તિ વિકસે તેવા અનેકવિધ કાર્યક્રમો યોજવા જણાવ્યુ હતુ. પ્રથમ દિવસની ઈન્ટર સ્કૂલ ક્વિઝમાં હિલવૂડ સ્કૂલ પ્રથમ અને માઉન્ટ કાર્મેલ સ્કૂલ રનર્સ અપ રહી હતી.

## આવતીકાલે માણસામાં નિઃશુલ્ક આયુર્વેદ નિદાન કેમ્પનું આયોજન

ગાંધીનગર, તા.૧૭

ગાંધીનગર જિલ્લાના માણસામાં બ્રહ્માકુમારીઝ સેન્ટર સામે શ્રીરામ આયુર્વેદ એન્ડ નેચર ક્યોર સેન્ટર દ્વારા નિઃશુલ્ક સર્વ રોગ નિદાન કેમ્પનું આયોજન કરવામાં આવ્યુંછે. આ કેમ્પ તા. ૧૯મી જુલાઈ બુધવારના રોજ સવારે ૯ થી ૧ કલાક દરમિયાન યોજાશે. શ્રીરામ આયુર્વેદ એન્ડ નેચર ક્યોર સેન્ટર દ્વારા આયોજિત વિના મુલ્યે સર્વ રોગ નિદાન કેમ્પમાં માણસાના ધારાસભ્ય અમિતભાઈ ચૌધરી ઉપસ્થિત રહેશે. કેમ્પમાં લોદરા આયુર્વેદ કોલેજના ગાયનેક તબીબ ડૉ. અનુબા શેખાવત તથા આયુર્વેદ ફિઝિશ્યન ડૉ. વિક્રમભાઈ પ્રજાપતિ દ્વારા દર્દીઓને તપાસવાની સેવા પુરી પાડશે. દર્દીઓને તપાસ્યા બાદ જરુરિયાત મુજબ માર્ગદર્શન તથા દવાઓ પણ વિના મુલ્યે પુરી પાડવામાં આવશે. માણસા તથા આસપાસના વિસ્તારના નાગિરકોને આ નિઃશુલ્ક નિદાન કેમ્પનો લાભ લેવા સંસ્થા દ્વારા જાહેર નિમંત્રણ પાઠવવામાં આવ્યુંછે.

